અપીલ અરજી નં.૧૨૫ તા.૧–૮–૦૯/૧૦

અરજદારઃ– શ્રી ચૌહાણ નગીનભાઈ પરાગજી

સામાવાળાઃ– શાસનાધિકારી અને જાહેરમાહિતીઅધિકારી (ન.પ્રા.શિ.સ.)

## ફરીયાદની હકીકતઃ–

**વિષયઃ**–આરટીઆઈ એકટ હેઠળ શ્રી નગીનભાઈ પરાગજી ચૌહાણની તા.૩૧–૧૨–૦૮ ની અરજીથી રૂા.૧૦૦૦/– ભરી આરટીઆઈ મુજબ રેકર્ડ ચકાસણી માટે પાછળથી સમય આપવા જણાવેલ તનો સમય આપશો.તથા તા.૨૬–૯–૦૮ ના નમુના 'ક' મુજબ રેકર્ડ ચકાણીનો વધુ સમય માટે તારીખ આપશો. જે અરજી આપવા છતાં બોલાવ્યા નથી આમ અંશતઃ માહિતી આપી માહિતી પૂરી આપી નથી તે આપવા બાબત.

**સંદર્ભ :**–અરજદાર મજકુરની તા.૧–૮–'૦૯ ની અપીલ અરજી નં.૧૨૫/૨૦૦૯–૧૦

શ્રી નગીનભાઈ પરાગજી ચૌહાણની તા.૩૧–૧૨–૦૮ ની અરજીથી રૂા.૧૦૦૦/– ભરી આરટીઆઈ મુજબ રેકર્ડ ચકાસણી માટે પાછળથી સમય આપવા જણાવેલ તેનો સમય આપશો.તથા તા.૨૬–૯–૦૮ ના નમુના 'ક' મુજબ રેકર્ડ ચકાણીનો વધુ સમય માટે તારીખ આપશો. જે અરજી આપવા છતાં બોલાવ્યા નથી આમ અંશતઃ માહિતી આપી માહિતી પૂરી આપી નથી તે આપવા બાબતે પૂરી માહિતી નહીં આપ્યાનું જણાવી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ ૫ માસના વિલંબથી એપેલેટ ઓફિસરને તા.૧–૮–૦૯ થી અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને તા.૨૬–૯–૦૮ ની મુળ અરજી,તા.૩૧–૧૨–૦૮ ની મૂળ અરજીની નકલ, તથા તબદીલ કે આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા/ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૫૦૮ તા.૧૩–૮–૦૯ થી શાસનાધિકારી અને જાહેરમાહિતીઅધિકારી (ન.પ્રા.શિ.સ.)ને તથા અરજદારને અપીલ અરજી આશરે ૫ માસના વિલંબથી કરવામાં આવેલ છે જે અંગે આધાર અને વાજબીપણું રજૂ કરવા, તથા તા.૨૬–૯–૦૮ ની નમુના 'ક' ની અરજી તથા રેકર્ડ ચકાસણી અંગેની અરજી અન્વયે થયેલ કાર્યવાહીની વિગતો પણ રજૂ કરવા પત્ર પાઠવી જણાવવામાં આવેલ. જેના અનુસંધાને અરજદાર તરફથી અપીલ તબકકે કોઈ આધાર કે વાજબીપણું અને અધૂરી વિગતોની માહિતી અરજદાર તરફથી પૂરી પાડવામાં આવેલ નથી. જયારે જાહેર માહિતી અધિકારી તરફથી ન.પ્રા.શિ.સ. નં.૬૪ તા.૩૧–૮–૦૯ થી અત્રેના વિભાગને પૂરક વિગતો મળેલ છે. જેમાં અરજદારની મુળ અરજીની નકલ, તથા અરજદારને માહિતી અંગે પત્ર ક્રમાંક ૧૭૨ તા.૧૦–૨–૦૯ નકલ, તથા પત્ર નં.૧૯૪૬ તા.૧૩–૪–૦૯ ની નકલ, તા.૭–૬–૦૮ નો બદલીઓ અંગેના પત્રની નકલ, તથા તા.૨૪–૬–૦૪ ના બદલીઓ અંગેના પત્રની નકલ, તથા તા.૩૧–૭–૦૯ ના રોજ અરજદારની તા.૨૪–૭–૦૯ ની અરજીના સંદર્ભે માહિતી ભર્યાની રસીદ રજૂ કરી માહિતી મેળવી લેવાનો પત્રની નકલ રજૂ કરેલ છે.

અરજદારની તા.૩૧–૧૨–૦૮ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી રૂા.૧૦૦૦/– ભરી આરટીઆઈ મુજબ રેકર્ડ ચકાસણી માટે પાછળથી સમય આપવા જણાવેલ તેનો સમય આપશો.તથા તા.૨૬–૯–૦૮ ના નમુના 'ક' મુજબ રેકર્ડ ચકાણીનો વધુ સમય માટે તારીખ આપશો. જે અરજી આપવા છતાં બોલાવ્યા નથી. સદર સંદર્ભે અરજદારે રૂા.૧૦૦૦/– ભરપાઈ કર્યા અંગેની વિગતો તથા રેકર્ડ ચકાસણી પાછળ થી આપવા જણાવેલ તે અંગેના આધારપુરાવા કે તા.૨૬–૯–૦૮ ના નમુના 'ક' મુજબ રેકર્ડ ચકાસણી માટે વધુ સમય માટે તારીખ કે તે પત્રની નકલ અરજી સાથે કે અપીલ તબકકે પત્ર પાઠવી તક આપવા છતાં રજૂ કરેલ નથી જાહેર માહિતી અધિકારી તરફથી તા.૩૧–૮–૦૯ થી અત્રે પૂરી પડાયેલ પૂરક માહિતીમાં જણાવેલ છે કે અરજદારને તેમના પત્ર નં.૧૭૨ તા.૧૦–૨–૦૯ થી રૂબરૂ બોલાવવામાં આવેલા હતા તથા ૧ થી ૧૫ મુદ્દાઓના રેકર્ડ ચકાસણી કરવા જણાવેલ છે. જે જણાવેલ ૧ થી ૧૫ મુદ્દાની ચકાસણી માટે કચેરીના પત્ર નં.૧૬૨ તા.૨૭–૧–૦૯ થી જાણ પણ કરવામાં આવેલ. ત્યાર બાદ અરજદારની તા.૨–૨–૦૯ ની અરજીના અનુસંધાને તા.૧૭–૨–૦૯ ના રોજ ૧૧.૦૦ કલાકે પુનઃ નિરીક્ષણ માટે ચકાસણી કરી જવા જાણ કરવામાં આવેલ. આમ અરજદારને માહિતી અંગે નિરીક્ષણ માટે તક પૂરી પાડવામાં આવેલ છે તથા કચેરીના તા.૧૩–૪–૦૯ ના પત્ર ક્રમાંક ૧૯૪૬ થી મુદ્દા નં.૧૨ થી ૧૫ ની માહિતી પણ આપવામાં આવેલ છે તેમજ અરજદારે અપીલ તબકકે રેકર્ડ ચકાસણી માટે બોલાવીશું છતાં અરજી આપવા છતાં બોલાવ્યા નથી તેવી રજૂઆત કરેલ છે. જે સંદર્ભે જાહેર માહિતી અધિકારીએ આપેલી માહિતી અનુસાર તેમની તા.૨–૨–૦૯ ની અરજીના અનુસંધાને તેઓને તા.૧૭–૨–૦૯ ના રોજ દફતરી નિરીક્ષણની તક આપ્યાની વિગત રજૂ કરેલ છે. જે અંગેના પત્રની નકલ પણ અપીલ તબકકે જાહેર માહિતી અધિકારીએ રજૂ કરેલ છે. વધુમાં તા.૩૧–૭–૦૯ ના જાહેર માહિતી અધિકારીના પત્રથી પણ અરજદારને રૂબરૂ સંપર્ક કરી બાકીની માહિતીના નિકાલ માટે અરજદારને પૂરી પાડેલ તક બાદ પણ અરજદારે કોઈ કાર્યવાહી કરેલ હોવાનું અપીલ તબકકે જણાયેલ નથી. જે અરજદાર પરત્વે નિષ્ઠાપૂર્વકના પ્રયત્નનો અભાવ સૂચવે છે. અત્રે એ પણ સૂચક છે કે અરજદારે રૂા.૧૦૦૦/– ની રકમ કેવી રીતે અને કેટલા સમયના ઈન્સ્પેકશન માટે જાહેર માહિતી અધિકારીના નમુના 'ગ' હેઠળના કયા પત્ર અન્વયે ભરી તેની કોઈ વિગતો અરજદારે અપીલ અરજી સાથે કે અપીલ દરમ્યાન તક આપવા છતાં રજૂ કરેલ નથી અને તે ભર્યાના આધાર પણ રજૂ કરેલ નથી. જાહેર માહિતી અધિકારી કક્ષાએ પણ તેવી કોઈ વિગતો કે નિરીક્ષણ સમયની કાર્યવાહીની નોંધ પણ રજૂ થયેલ નથી.

## <u>હુકમ</u>

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૩૧–૧૨–૦૮ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી સબંધે તા.૧–૮–૦૯ થી ૫ માસના વિલંબથી કરેલ અપીલ અંગે ન્યાયના હિતમાં અરજદારને અપીલ તબકકે તક આપવા છતાં વિલંબના કારણો કે વાજબીપણું રજૂ કરવામાં અરજદાર નિષ્ફળ રહેલ હોઈ અરજદારની વિલંબથી કરેલ અપીલ ગ્રાહય ન રાખતાં કલમ–૧૯(૧) હેઠળ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. જાહેર માહિતી અધિકારી ધ્વારા તા.૩૧–૭–૦૯ ના પત્ર અનુસાર તેઓનો સંપર્ક કરી કાર્યવાહી કરવા માટે અરજદાર સ્વતંત્ર છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૯ – ૦૯

**ડે.કમિશનર(જનરલ),**
**અને એપેલેટ ઓફિસર**
**સુરત મહાનગર પાલિકા**

**પ્રતિ**

(૧) શાસનાધિકારી અને જાહેર માહિતી અધિકારી (ન.પ્રા.શિ.સ.).... જાણ તથા અમલ માટે
(૨) શ્રી ચૌહાણ નગીનભાઈ પરાગજી,